વડીલોને વંદન અભિનંદન

લાભશંકર સી. રાવલ
(૧૯૪૧) ફોન : ૨૩૨૩૪૫૩૫

ભારતીબેન પી.શુક્લ
(૧૯૩૬) ફોન : ૨૩૨૨૭૦૯૧

રામજીભાઈ એસ. પરમાર
(૧૯૪૩) ફોન : ૨૩૨૧૧૬૪૪

શહેરના જન્મદિવસ નિમિત્તે પર્યાવરણ બચાવો રેલી યોજાશે

કોલેજના વિદ્યાર્થીઓ અને ટ્રાફિક બ્રિગેડના જવાનો રેલીમાં જોડાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના ૪૯મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે શહેરમાં પર્યાવરણ બચાવો, ગંદકી હટાવો તેમજ ટ્રાફિક નિયમન અંગે લોકજાગૃતિ કેળવાય તે અંગે બેનર્સ લઈને વિદ્યાર્થીઓ અને ટ્રાફિક બ્રિગેડના જવાનો રેલીમાં જોડાશે. ૨ ઓગષ્ટના રોજ થર્મલ પાવર સ્ટેશનથી કડી કેમ્પસ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના જન્મદિવસ નિમિત્તે તા. ૨ ઓગષ્ટના રોજ જી.ઈ.બી. ખાતે સવારે વિશ્રામગૃહના ઐતિહાસિક ઈમારતની તકતી પૂજન અને દિપ પ્રાગટ્ય બાદ કેક કાપીને ઉજવણી કરવામાં આવનાર છે. જ્યારે આ દરમિયાન પર્યાવરણ બચાવોના અભિગમ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવશે. જ્યારે શહેરના જન્મદિવસ નિમિત્તે જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનથી કડી કેમ્પસ સુધીની સ્કૂટર રેલી યોજવામાં આવશે. આ સ્કૂટર રેલીમાં કડી યુનિવર્સિટીના બી.બી.એ., બી.સી.એ. સહીત વિવિધ ફેકલ્ટીઝના વિદ્યાર્થીઓ જોડાશે. પર્યાવરણ બચાવો અને ટ્રાફિક નિયમન અંગે જનજાગૃતિ કેળવવાના ઉદ્દેશથી યોજાનારી આ રેલીમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ટ્રાફીક બ્રિગેડના ૨૦ જવાનો જોડાશે. વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવો અને સ્વચ્છતાના અભિયાનના ભાગરૂપે હાથમાં બેનર્સ લઈ આમ નાગરિકોને જાગૃત કરવા દેખાવો કરાશે. જ્યારે ટ્રાફિક બ્રિગેડના જવાનો પણ શહેરમાં ટ્રાફિક નિયમનના યોગ્ય પાલન માટે જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો કરશે. કડી કેમ્પસમાં પણ સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ સહીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે જણાવ્યું છે.

એસ.ટી. ડેપોમાં ૧૦ કન્ડક્ટરોની ઘટનો પ્રશ્ન ટૂંકમાં હલ થશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં થોડા સમય અગાઉ કન્ડકટરોની નિમણૂંક થયા બાદ હાલની સ્થિતિએ પણ ૧૦ કન્ડક્ટરોની ઘટ છે. જો કે, સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી ટુંકમાં જ કન્ડક્ટરોની ભરતી થવાની હોવાથી ડેપોમાં કન્ડક્ટરોની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે.

એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જ્યારે ડેપોને મોડેલ બનાવવા તબક્કાવાર ખૂટતા પરિબળો પુરતા પ્રયાસ કરવામાં આવે છે. ડેપોમાં મુસાફરોની સુવિધાને ધ્યાને લઈ નવી બસો મુકવામાં આવી છે. આ ઉપરાંત મુસાફરો માટે નવુ એલ.સી.ડી. સ્ક્રીન મકુવામાં આવ્યું છે. ડેપોમાં સોલારપેનલ કીટ કરી વીજળીની બચત થાય તે મુજબની કાર્યયોજના અમલી બનાવાઈ છે. જ્યારે આગામી સમયમાં ડેપો સંકુલને અદ્યતન બનાવવા તબક્કાવાર જરૂરી કામગીરી હાથ ધરવામાં આવનાર છે. ડેપો તંત્રને પર્યાપ્ત મેનપાવર ઉપલબ્ધ થાય તે માટે પણ અગાઉ કન્ડક્ટરોની ભરતી કરવામાં આવી હતી.

એસ.ટી. ડેપોમાં મહીલા કન્ડક્ટરોને પણ નિમણૂંક આપવામાં આવી હતી. જ્યારે હાલની સ્થિતિમાં પણ ગાંધીનગર ડેપોમાં ૧૦ જેટલા કન્ડક્ટરોની ઘટ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ આગામી ટુંક સમયમાં અમદાવાદ સ્થિત સેન્ટ્રલ ઓફિસ દ્વારા ૧૧૦૦ જેટલા કન્ડક્ટરોની ભરતી માટે પ્રકીયા હાથ ધરવામાં આવનાર છે. જ્યારે આ ભરતીના અંતે ગાંધીનગર ડેપોને પણ કન્ડક્ટર ફળવાતા ઘટનો પ્રશ્ન હલ થશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. અગાઉ મિકેનિકલની પણ ઘટ હતી પરંતુ હાલની સ્થિતિએ ડેપો પાસે જરૂરીયાત મુજબનો સ્ટાફ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ડીસા શહેરમાં દબાણો દૂર કરાતા દબાણદારોમાં ફફડાટ

ડીસા, તા. ૩૧

ડીસા શહેરમાં ઠેકઠેકાણે અડચણરૂપ દબાણોનો રાફડો ફાટતા શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન માથાના દુઃખાવા સમાન બનતી જાય છે જે દબાણોને દૂર કરવા પ્રજા દ્વારા વારંવાર રજૂઆત કરાતા રજૂઆતના પગલે ગતરોજ પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા શહેરમાં સર્જાતા અડચણરૂપ દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જો કે કેટલાક સમય અગાઉ દક્ષિણ પોલીસ મથકના ઉત્સાહી અને હાલમાં પ્રજાને પોલીસ પ્રત્યેનો ભય દૂર થાય તેવા આશયથી સુરક્ષા સેતુ સોસાયટી લોક જાગૃતિનો કાર્યક્રમ ચલાવાઈ રહ્યો છે. એવા પી.આઈ. કે.ડી. નકુમ દ્વારા તેમજ પાલિકા પ્રમુખ દ્વારા એક બેઠક યોજી બીજા દિવસે શહેરના અડચણ રૂપ દબાણો દૂર કરાયા હતા ત્યારબાદ સવારે દબાણ દૂર કરાયા અને બપોરે દબાણો જૈસે થે સર્જાતા શહેરમાં ટ્રાફિકનો પ્રશ્ન જૈસે થે યથાવત રહ્યો છે જે અતંર્ગત ગતરોજ પણ પ્રજાની રજૂઆતના પગલે પાલિકા અને ટ્રાફિક પોલીસ દ્વારા અડચણ રૂણ દબાણો દૂર કરાયા હતા આથી પ્રજામાં પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલ અડચણ રૂપ દબાણ હટાવા ઝુંબેશ કેટલા અંશે સફળ પુરવાર થાય છે તે અંગે વિવિધ તર્કવિતર્ક થતાં જોવા મળે છે જે અનુસંધાને ડીસા નગરપાલિકાના દબાણ અધિકારી મનોજભાઈ પટેલ, ફુડવિભાગના સુરેશભાઈ ગેલોત, પાલિકા કર્મચારી તેમજ ટ્રાફિક પી.આઈ. અને પોલીસ સ્ટાફ દ્વારા સંયુક્ત ઉપક્રમે શહેરના ફુવારાથી લેખરાજ ચાર રસ્તા અને ફુવારાથી ગાયત્રી મંદિર માર્ગ પરના અડચણ રૂપ દબાણોમાં શાકભાજીની લારી, ફુટવાળાની લારી તેમજ અન્ય લારીઓ તેમજ માર્ગમાં પાથરણા લઈને વિવિધ ચીજો વેચાણ કરનારાના દબાણો દૂર કરાયા હતા. જેમાં કેટલીક લારીઓનો માલસામાન તેમજ અન્ય અડચણરૂપ ચીજવસ્તુઓ નગરપાલિકા કચેરીએ લવાઈ હતી. તેમજ કેટલાક દબાણદારોને દંડ ફટકારી માલસામાન પરત કરાયો હતો. કેટલોક માલસામાન નગરપાલિકાના સભાખંડમાં લવાયો હતો. આમ, પાલિકા તંત્ર અને ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના અડચડ રૂપ દબાણો દૂર કરાતા દબાણદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

જો કે પાલિકા અને પોલીસ દ્વારા હાથ ધરાયેલ દબાણ હટાવ ઝુંબેશ કેટલા દિવસ સુધી ચાલશે અને દબાણ હટાવ ઝુંબેશ કેટલે અંશે સફળ પુરવાર થાય છે તે અંગે પાલિકા અને પોલીસ તંત્રની કામગીરી અંગે શંકા - કુશંકાઓ સેવાતી જોવા મળે છે.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

પોશીના વિસ્તારની સેઈ નદીનો ડીપની મરામત કરવા ગ્રામજનોની માંગ

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારની સેઈ નદી ઉપરનો ડીપ ગત ચોમાસામાં તુટી જતા તેને રીપેરીંગ કરવામાં ન આવતાં લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ અંગે કલેકટર સહિત અન્ય અધિકારીઓ રજૂઆત કરવામાં આવી છે.

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના સદસ્ય લુકેશભાઈ ગમાર તથા પીપલીયા પંચાયતના સરપંચ એસ.એન. સોલંકીના જણાવ્યા અનુસાર પોશીના વિસ્તારના સાલેરા તથા આંજણી ગામો પાસેથી પસાર થતી સેઈ નદીનો ડીપ ગત ચોમાસામાં તુટી ગયો હતો. જે અંગે આ વિસ્તારના આગેવાનોએ રમીલાબેન બારાને સાથે રાખી રજૂઆતો કરવામાં આવી હતી. પણ આ મામલે કોઈ કાર્યવાહી ન કરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. શિક્ષકો તથા વિદ્યાર્થીઓને શાળામાં આવજા કરવામાં મુશ્કેલી પડે છે. તથા પ્રસુતા મહિલાઓ તથા અકસ્માતગ્રસ્ત લોકોને સારવાર માટે પોશીના ખેડબ્રહ્મા લઈ જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સેઈ નદી પર ડીપ સત્વરે કામચલાઉ ચાલુ કરવામાં આવે તથા તેને સીમેન્ટ ક્રોકીંટથી મરામત કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

પ્રજાભિમુખ અને સેવાપ્રિય એન.જે. બારોટ વિકસતી જાતિ કલ્યાણ ખાતામાંથી વય નિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૩૧

વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નાયબ નિયામકશ્રી એન.જે. બારોટ ઉપ વર્ષની સુદીર્ઘ સેવા આપીને તા. ૩૧મી જુલાઈએ વય નિવૃત્ત થયેલ છે. શ્રી બારોટ જુદા જુદા જિલ્લાઓમાં પ્રજાલક્ષી અને પુરી સંવેદનશીલતાથી ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે. સને ૧૯૮૧માં શ્રી બારોટ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી તરીકે સરકારી સેવામાં જોડાયા હતા. ત્યારબાદ ઉત્તરોત્તર બઢતી પામીને છેલ્લે નાયબ નિયામક તરીકે નિવૃત્ત થયા છે. તેઓના કાર્યકાળ દરમ્યાન વિકસતી જાતિ કલ્યાણ ખાતાની વડી કચેરીમાં ૧૭ વર્ષ સેવા બજાવી છે. તેમની આ સેવા દરમ્યાન લગભગ તમામ વિષયોની કામગીરી ખુબજ અસરકારક અને સફળ રહી છે. ખાસ કરીને બજેટ-પ્લાનીંગ અને વહીટ જેવા વિષયોમાં રાત-દિન જોયા વિના રજાના દિવસોમાં પણ કચેરીમાં સતત કાર્યરત રહીને પુરતી ધગશ, સંવેદનશીલતા, ખંત અને નિષ્ઠાપૂર્વક સેવાઓ બજાવી છે.

આજે વિકસતી જાતિ કલ્યાણ દ્વારા તેઓની સુદીર્ઘ સેવાઓના સન્માનાર્થે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં ખાતાના નિયામકશ્રી કે.જી. વણઝારા, સંયુક્ત નિયામકશ્રી કે.આઈ. પરમાર, નાયબ નિયામકશ્રી એન.જે. ગુરૂન્ગ તેમજ ખાતાના વડી કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓની ઉપસ્થિતિમાં શ્રી બારોટને ભાવભરી વિદાય આપી શુભેચ્છાઓ આપવામાં આવી.

વરસાદ નોંધાયો...

● પહેલા પાનાનું ચાલું

૨૦૧૨માં ૧૦૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

ગયા વર્ષે જુલાઈ માસમાં માણસામાં ૧૪૯ મી.મી., ગાંધીનગરમાં ૧૩૬ મી.મી., દહેગામમાં ૪૬ મી.મી. અને કલોલમાં ૫૧ મી.મી. વરસાદ નોંધાયો હતો.

આ વર્ષે ૨૭મી તારીખ સુધીમાં ગાંધીનગરમાં ૩૭૫ મી.મી., દહેગામમાં ૪૧૯ મી.મી., કલોલમાં ૫૩૬ મી.મી. અને માણસામાં ૫૩૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

આમ જુલાઈ માસમાં વરસાદ વધુ નોંધાયો છે એટલું જ નહિ વરસાદના દિવસો પણ વધ્યા છે. વાવેતર પણ વધ્યું છે. જો કે હજુ સાબરમતી બે કાંઠે વહેતી જોવા મળતી નથી.

એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય મહામંત્રીની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળે રાજયપાલને આવેદન પત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૩૧

કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય મહામંત્રીની આગેવાનીમાં ગુજરાત એન.એસ.યુ.આઈ.નું એક પ્રતિનિધિમંડળે ગુજરાત રાજયના રાજયપાલ શ્રીમતિ ડૉ. કમલા બેનીવાલજીને મળી રાજયની વિવિધ કોલેજોમાં વિદ્યાર્થી પંચાયત રચવા, યુનિવર્સિટીના બજેટને વેબસાઈટ પર જાહેર કરવા તેમજ કોલેજમાં પુરતો સ્ટાફ ભરવા માંગણી કરી છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય મહામંત્રી રોહિત ચૌધરી આજે ગુજરાતમાં આવ્યા હતા અને તેમની આગેવાનીમાં ગુજરાત એન.એસ.યુ.આઈ.ના પદાધિકારીઓ ગુલાબસિંહ રાજપૂત, આદિત્યસિંહ ગોહીલ, અંકિત બારોટ, રાજદીપસિંહ ગોલ અને હર્ષજીત પંડ્યા સહિતના પ્રતિનિધિમંડળે આજે રાજયના રાજયપાલ ડૉ. કમલા બેનીવાલજીની મુલાકાત લીધી હતી અને રાજયની વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને વાચા આપવા તેમજ તેને ઉકેલવા વિદ્યાર્થી પંચાયતની રચના કરવા, કોલેજમાં પુરતો સ્ટાફ મુકવા અને રાજયની તમામ યુનિવર્સિટીમાં ફાળવવામાં આવતા બજેટ અને તેના હિસાબોને યુનિવર્સિટીની વેબસાઈટ પર જાહેર કરવામાં આવે તેવી લેખિત રજૂઆત કરી હતી.

સફાઈ ઝૂંબેશ... ● પહેલા પાનાનું ચાલું

આનંદીબેન પટેલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, મહેસુલ તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી જી.આર. અલોરીઆ, અગ્રસચિવશ્રી, શ્રી સંજય પ્રસાદ, પ્રભારી સચિવશ્રી, શ્રી અશોકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી, ગાંધીનગર, શ્રી વાડીભાઈ પટેલ, અધ્યક્ષશ્રી ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, શ્રી અશોકભાઈ ભાવસાર, અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, શ્રી સ્વરૂપ પી., જિલ્લા કલેક્ટરશ્રી, શ્રી બી.જે. ભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર સ્થાપના દિનના આ શુભપ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયરશ્રી સુભાષભાઈ પાંડવ, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી આશીષભાઈ દવે તથા નેતાશ્રી મનુભાઈ પટેલ તથા સભાસદશ્રીઓએ રસ દાખવીને આ કાર્યક્રમને વધારે અર્થપૂર્ણ બનાવવા માટે વિવિધ કાર્યક્રમોને સાંકળી લેવા દોરવણી અને માર્ગદર્શન પુરૂ પાડેલ છે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા જન્મદિન નિમિત્તે ખાસ વૃક્ષારોપણ કરાશે

ગાંધીનગર શહેરના ૪૯માં સ્થાપના દિન નિમિત્તે ૨જી ઓગષ્ટે શહેરની પર્યાવરણ પ્રેમી સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા સમગ્ર શહેરની ૩૫ થી ૪૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય જાહેર સ્થાનોમાં એક જ સમયે વૃક્ષારોપણનો કાર્યક્રમ નિર્ધારિત કરેલ છે. જેમાં સંસ્થાના ૧૫૦ જેટલા ઔષધિય, ફુલ, ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં બીપીસીબીએ કોલેજ દ્વારા પણ ખુબ જ સહયોગ અપાયેલ છે.

જિલ્લા કક્ષા મહોત્સવની ત્રીજીએ પાલૈયા ગામ ખાતે ઉજવણી

ગાંધીનગર જિલ્લાકક્ષાના ૬૪મા વન મહોત્સવની ઉજવણી તા. ૩ ઓગષ્ટના રોજ સવારના ૯.૩૦ કલાકે દહેગામ તાલુકાના પાલૈયા ગામના નિલકંઠ મહાદેવ ખાતે કરવામાં આવશે.

ટચૂકડી જાહેર ખબર
મકાન ભાડે આપવાનું છે
સેક્ટર-૨૭માં દોઢ માળનું સ્વતંત્ર મકાન ભાડે આપવાનું છે.
ભાડુ : રૂ. ૧૨,૦૦૦
-: સંપર્ક :-
(૦૭૯) ૨૩૨૪૫૨૬૩
દલાલો માફ

ગાંધીનગરના જન્મ દિને એસ.પી. કચેરી ખાતે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર જિલ્લા પોલીસ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો અને રોટરી કલબ ઓફ ગાંધીનગરના સહયોગથી 'સુરક્ષા સેતુ' પ્રોજેકટ અંતર્ગત સ્વ. પ્રો. સુબોધકુમાર નંદાની સમૃતિમાં ગાંધીગરના જન્મદીન ૨જી ઓગષ્ટ, શુક્રવારના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી પોલીસ તાલીમ કેન્દ્ર પોલીસ હેડ ક્વાટર્સ (એસ.પી. કચેરી) સે-૨૭ ખાતે 'રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડ ડોનેશન કેમ્પનું ઉદઘાટન અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ ડૉ. એસ.કે. નંદાનાં હસ્તે થનાર છે. શિબિરમાં ભાગ લેવા ગાંધીનગર એસ.પી. શરદ સિંઘલે રસ ધરાવતા તમામને મોટી સંખ્યામાં હાજર રહી સ્વૈચ્છીક રકતદાન કરવા અનુરોધ કર્યો છે.

વ્હીસલ ન સંભળાઈ ને... ● ૪લ્લા પાનાનું ચાલું

આજે બન્યો છે. પરાગ આજે પોણા બાર વાગ્યે કોલવડા રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યો હતો તે પોતાની ધુમાં જ હતો. સડસડાટ આવી રહેલી હરીદ્વાર મેલ ટ્રેને ટ્રેક પર આવી પહોંચેલા પરાગને ખસી જવાનાં ઈશારારૂપે ભયાનક અવાજ વાળી વ્હીસલ મારવાનું શરૂ કરી દીધું હતું પરંતુ તેને ક્યાં અવાજ સંભળાતા હતા...? ટ્રેન તેના પરથી તેને કાપીને નીકળી પણ ગઈ...! પરાગના મોં માંથી એક ચિસ ન નીકળી...! કેમ કે તે બોલી પણ શકતો ન હતો...! ભેગા થઈ ગયેલા ગ્રામજનો પણ આ ઘટના સાંભળીને ધ્રુજી ઉઠ્યા હતા. સ્ટેશન માસ્ટરે સાબરમતી રેલવે પોલીસને ઘટનાની જાણ કરતાં પી.એસ.આઈ. એન.એન. રાઠવા તથા જમાદાર જશવંતસિંહ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરાગનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી તેના પરીવારજનોને સોંપી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જાહેર નિવિદા નં. ૨ (એસ.કે.) સને ૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી, કાસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર રેડા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું કામ કરતી પાન નંબર / ટીન નંબર ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સંબંધિત કામના રજી.પો.એ.ડી. દ્વારા ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૭-૮-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૧૩-૮-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

અનું.	કામનું નામ	(૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ (૩) સમયમર્યાદા
૧.	કાર્યપાલક ઈજનેરશ્રી, કાસ વિભાગ, ગાંધીનગર ખાતે વર્ષ દરમિયાન કોમ્પ્યુટર ટાઈપ (જોબવર્ક/ઓનલાઈન) અને અધિકારી કર્મચારીઓના ૨૪ કયુ તેમજ ઈજારદારશ્રીઓના ૨૪જી/૨૬કયુ ઈન્કમટેક્ષ રીટર્ન તથા વેટ રીટર્ન ઓનલાઈન ફાઈલ કરવાની કામગીરી બાબતનું કામ (સ્થાનિક બજારમાં કામ કરતી એજન્સીઓ માટે)	(૧) રૂ. ૬૦૦/- (૨) રૂ. ૨૦૦૦/- (૩) ૧ વર્ષ

માહિતી/૮૮૮/૧૩-૧૪

શબ્દાવલી - ૫૧૩૬



આડી ચાવી

૧. આશા, આકાંક્ષા (૪)
૪. જુગટુ, ચોસઠ (૩)
૬. ખળભળવું, ... થવો (૫)
૮. ડફન (૩)
૧૦. ... ને કોઈ થોભ નહિ (૨)
૧૨. ૨૦ કિલો બરાબર એક... થાય (૨)
૧૩. બારણાની બારસાખ, દરવાજો (૩)
૧૪. ખંજવાળ, ચળ (૩)
૧૫. સજ્જડ, ચક્કા... (૨)
૧૭. જાદુ (૩)
૧૮. સગવડ (૪)
૨૦. તરફડાટ (૩)
૨૧. ઈતિહાસ (૪)

ઊભી ચાવી

૧. અણમાનીતું (૫)
૨. ગોરસ, મહિડા (૩)
૩. પાણીની ચકલી (૨)
૪. એક કઠોળ (૨)
૫. બાજોઠ, બેસવાનો... (૩)
૭. પુષ્કળ, ખુબ (૪)
૯. પરંતુ, કિન્તુ (૨)
૧૧. ભળાવવુ, ... કરવી (૪)
૧૩. કલંકીત, કાળુ (૪)
૧૫. બંદૂક કે તોપના દારૂને સળગાવવાનો પલીતો (૪)
૧૬. શ્રવણે મા-બાપને... માં બેસાડી યાત્રા કરાવી (૩)
૧૮. સત્વ, પરચો (૨)
૧૯. સવા નવને પાંચ એટલે... પણ થાય (૨)

શબ્દાવલી ૫૧૩૫ના જવાબ

આડી ચાવી :- (૧) અતડુ (૩) લાગવગ (૬) ગતામગ (૮) ડુલ (૯) ખ્વાહીશ (૧૧) કલગી (૧૩) વરણી (૧૪) લાત (૧૫) પગ (૧૭) અલગ (૧૮) તપ (૧૯) ડગ (૨૦) ઉણપ (૨૨) ભાર (૨૩) તરાપ

ઊભી ચાવી :- (૧) અઢળક (૨) ડુગડુગી (૩) લાગ (૪) ગમખ્વાર (૫) ગણેશ (૭) તાલ (૧૦) હીણપત (૧૨) લગોલગ (૧૩) વેતરણ (૧૬) ગપસપ (૧૭) અડગ (૨૦) ઉર (૨૧) પત

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(0) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ